|| ૐ નમઃ સર્વજ્ઞાય ||

|| પ.પૂ.પં. ધર્મ-સુરેન્દ્ર-રામસૂરિ સદ્‌ગુરુભ્યો નમઃ ||




પ.પૂ. તપાગચ્છાધિપતિ આચાર્ય

**વિજય રામસૂરીશ્વરજી મહારાજા (ડહેલાવાળા)**

ના શિષ્યરત્ન

**પ.પૂ. આચાર્ય વિજય જગચ્ચંદ્રસૂરીશ્વરજી મહારાજા**

**(ડહેલાવાળા)**

# સૂરિરામ પુણ્યસ્મૃતિ ગ્રન્થાવલિ ક્રમાંક ૧૩

**પુસ્તકનું નામ** : ભવ આલોચના

**પ્રેરણા-સંકલન** : પ.પૂ.આ. શ્રી જગચ્ચન્દ્રસૂરીશ્વરજી મ.સા. (ડહેલાવાળા)

**આવૃત્તિ** : ચોથી (સંવર્ધિત સંસ્કરણ)

**પ્રકાશન વર્ષ** : વિ.સં. ૨૦૭૮

**❖ પ્રકાશન / પ્રાપ્તિસ્થાન ❖**

**(૧) પ.પૂ.આ. શ્રી સુરેન્દ્રસૂરીશ્વરજી જૈન તત્ત્વજ્ઞાન શાળા**

**૧૨, શ્રેયાંસનાથ સોસાયટી, ધરણીધર દેરાસર પાછળ, ગોદાવરી, વાસણા, અમદાવાદ-૭ મો : ૯૫૧૨૨૩૪૩૧૧**

**(૨) પ.પૂ.પં. રવિવિજયજી જૈન પાઠશાળા**

**એ-૧૦૩/૧૦૪, વાસુદર્શન રેસીડન્સી, શ્રી પરમ-જિન-ભદ્ર-શાન્તિ આરાધના ભવનની બાજુમાં, આર.ટી.ઓ. ની ગલીમાં, પાલ, સુરત. મો. ૭૭૭૮૮૮૭૯૦૯**

**કિંમત** : **અમૂલ્ય**

**ISBN No.** : 978 - 81 - 926306 - 9 - 4

**JSBN No.** : SURAJ0003

# ભવ આલોચના

જગતમાં બે પ્રકારના જીવો હોય છે.

(૧) સંસારી (૨) સિદ્ધ

સિદ્ધના જીવોને સર્વ કર્મનો ક્ષય થયેલ હોવાથી તેઓ મોક્ષમાં બિરાજે છે. તેમના થકી જગતના સર્વ જીવોને અભયદાન મળેલ છે. જયારે સંસારી જીવો કર્મ સહિત છે. સંસારી જીવોને મન-વચન-કાયાના યોગો હોવાને કારણે પ્રવૃત્તિ છે. યોગ વ્યાપાર છે તે થકી સંસારી જીવ ૨૪ કલાક લગભગ હિંસાદિ પાપોથી ભારે બની રહ્યો છે.

સંસારમાં રહેવું અને હિંસાદિ પાપોથી મુકત રહેવું અશકય છે. વ્રતધારી શ્રાવકને પણ શાસ્ત્રકાર ભગવંતોએ માત્ર સવા વસાની દયા બતાવી છે. આપણે જીવીએ છીએ તેમાં અનેકાનેક જીવોનો કચ્ચરઘાણ નીકળતો હોય છે. જો આમ જ રહે તો આત્મા ઉપર કર્મોનો કચરો જમા થતો જ રહે અને જીવનો નિસ્તાર કદી ન થઇ શકે. પરંતુ કૃપાળુ પરમાત્માએ આત્મા ઉપર લાગેલા કર્મ કચરાને દૂર કરી નિર્મળ બનાવવાનો ઉપાય બતાવ્યો છે ભવ આલોચના.

કરેલા પાપોનો છૂટકારો મેળવવા રોજ દેવસી-રાઈ પ્રતિક્રમણ તથા વિશેષ શુદ્ધિ માટે પક્ખી-ચોમાસી-સવંત્સરી પ્રતિક્રમણ કરીએ છીએ. આત્મ સાક્ષીએ પાપની કબૂલાત પછી ગીતાર્થ ગુરુ ભગવંત પાસે નિખાલસ હૃદયે પાપનું પ્રકાશન કરવું જોઈએ. જેથી બંધાયેલા કર્મોના બળને નિર્બળ કરી શકાય છે. જીવનમાં એક વાર ભવ આલોચના અવશ્ય લેવી જોઈએ.ત્યાર પછી દર ચાર મહિને કે છેવટે દર વર્ષે શુધ્ધ મનથી આલોચના લેવી જોઈએ.

આલોચના લેવા માટે ગીતાર્થ ગુરુ પાસે જઈ માયા રહિત નિખાલસતાપૂર્વક જે ભાવથી પાપ સેવાયું હોય તે છુપાવ્યા વિના પ્રકાશિત કરવું જોઈએ.

મન શુદ્ધિપૂર્વક આલોચના લઈ પરિપૂર્ણ કરવાથી શું લાભ થાય તે જણાવતાં ''વંદિતા સૂત્ર''માં જણાવે છે કે.....

जहा विसं कुट्ठ गयं मंतमूल विसारया
विज्जा हणंति मंतेहिं तो तं हवई निव्विसं ।।
एवं अट्ठविहं कम्मं रागदोष समज्जिअं
आलोअंतो अ निंदंतो खिप्पं हणई सुसावओ ।।

कयपावो वि मणुस्सो आलोइय निंदिअ गुरुसगासे,
होइ अइरेग लहुओ ओहरिअ-भरुव्व भारवहो ।।४०।।

જેમ શરીરમાં વ્યાપેલા ઝેરને મંત્ર અને જડીબુટ્ટીના જાણનારા વૈદ્યો મંત્રથી અથવા જડીબુટ્ટીના ઇલાજથી હણી નાખે છે અને તેથી શરીર ઝેર રહિત થાય છે.

એવી રીતે રાગ-દ્વેષ વડે બાંધેલા આઠ પ્રકારના કર્મોને ગુરુની પાસે આલોવતો (પ્રકાશતો) તથા આત્માસાક્ષીએ નિંદા કરતો એવો સુશ્રાવક જલ્દી હણે છે.

ભાર ઉપાડનાર જેમ ભાર ઉતારીને હળવો થાય છે તેમ પાપ કરનાર એવો પણ મનુષ્ય ગુરુ પાસે આલોચના અને નિંદા કરીને ઘણો હળવો થાય છે.

શાસ્ત્રમાં વિધાન છે કે સાધક આત્માએ આત્મશુદ્ધ્યર્થે આલોચના લેવા માટે ગીતાર્થ ગુરુની શોધ ક્ષેત્રથી ૭૦૦ યોજન સુધી અને કાળથી ૧૨ વર્ષ સુધી કરવી જોઇએ. જે આલોચનાની મહત્તા સિદ્ધ કરે છે.

''મહાનિશીથ સૂત્ર''માં લખ્યું છે કે આલોચના દ્વારા અર્જુનમાલી, દઢપ્રહારી, ચિલાતીપુત્ર આદિ પાપીમાં પાપી જીવો પણ પવિત્ર બન્યા છે.

આલોચનાની ભાવના કરતા, આલોચના લેવા ગુરુ પાસે જવા પગ ઉપાડતા, અડધે રસ્તે પહોંચતા, ગુરુ ભગવંત પાસે પાપોનું નિવેદન કરતાં, ગુરુ પાયશ્ચિત આપતા ભાવપૂર્વક ગ્રહણ કરતા કે ગુરુએ આપેલ પાયશ્ચિતને વાળી આપતા કેટલાય આત્માઓ કર્મો ખપાવી કેવલજ્ઞાન સુધી પહોંચી શકયા છે.

વર્તમાન હુંડાઅવસર્પિણી કાળના પ્રભાવે નિરતિચાર ધર્મનું આરાધન અશકય છે. આવા સમયે જે અતિચારાદિ દોષો લાગે તેનું ગુરુ સાક્ષીએ શુદ્ધિકરણ કરતા રહેવું જોઇએ.

**તો ચાલો આપણે પણ ભવ આલોચના લઈ જીવનનો જીર્ણોદ્ધાર કરવા પ્રયત્નશીલ બનીએ.**

**તા.ક. :** અલગ અલગ અતિચારોના જે પાપ સ્થાનો બતાવ્યા છે. તેની સામે જો પાપ આચારેલું હોય તો (   )માં ✓ અથવા જેટલી વાર આચરેલું હોય તેની સંખ્યા લખો.

# આલોચના વિધિ

સર્વ પ્રથમ મનમાં પાપની ઘૃણા ઉત્પન્ન કરીને, કરેલા પાપોને યાદ કરો અને હ્રદયમાં પશ્ચાતાપથી ગદ્દ્ગદ્ થઈને એક પણ પાપ છુપાવ્યા વગર આલોચના લખવાની શરૂ કરો. તમને આલોચનાની યાદી માટે નીચે શક્ય તેટલા પાપ બતાવવામાં આવ્યા છે. તેના સામે જો પાપ કર્યું હોય તો સ્વીકાર રૂપે (✓) કરો અને યાદ હોય તો સંખ્યા પણ બતાવો.

# ભવ આલોચના

નામ : ..........................................

ઉંમર ..........

એડ્રેસ : ........................................

............................................

............................................

પૂજ્ય ગુરુદેવ શ્રી ...............................

............................................

કોટી - કોટી વંદન

કૃપા કરી મને આલોચના આપી મારો ઉદ્ધાર કરો.

નોંધ : દરેક પાપ તમે કેટલી વાર કર્યા છે તેની સંખ્યા લખવી. જેમકે... કાગળની પ્લેટમાં ખાધુ તો ( ) ૨૫ વખત, ૫૦ વખત, અસંખ્ય વખત, બહુ વખત વગેરે લખવું.

# ૧. જ્ઞાનાચાર

- જ્ઞાન કાળ વેળામાં ભણ્યો નહીં.( )
- અકાળે ભણ્યો.( )
- જ્ઞાન, જ્ઞાની અને જ્ઞાનના સાધનોનું બહુમાન-વિનય ન કર્યો.( )
- ગુરુને ઓળવ્યાં.( )
- ધર્મ ક્રિયામાં સૂત્રો બોલતાં ખોટો અક્ષર, કાના માત્રાએ અધિક - ઓછો બોલ્યો.( )
- સૂત્ર - અર્થ - તદુભય ખોટા કીધા.( )
- સૂત્ર ભણીને ભૂલ્યાં.( )
- જોગ - ઉપધાન વિ. થી યોગ્યતા પ્રાપ્ત કર્યા વિના નવકાર ગણ્યા.( ) સૂત્ર ભણ્યા.( )
- જ્ઞાનના ઉપકરણોને માથા નીચે રાખી સૂતા( )
- ઓછી સમજને લીધે જ્ઞાન દ્રવ્યનો નાશ થયો.( )
- જ્ઞાનના ઉપકરણો પુસ્તક, પેન, પાટી, પોથી, નવકારવાળી, સાપડા વગેરેને થુંક લાગ્યું.( ) થુંકથી અક્ષર ભુસ્યા.( )
- જ્ઞાનના સાધનો (પાકીટ, પેન વિ.) પાસે હોવા છતાં આહાર કર્યો( ), સંડાસ, બાથરૂમ ગયાં.( )
- કાગળમા સંડાસ કર્યુ ( ) કરાવ્યું.( )
- કાગળમાં નાસ્તો કર્યો ( ) તેના પર બેઠા.( ) જ્ઞાનદ્રવ્યનું ભક્ષણ થતાં તેની ઉપેક્ષા કરી. ) સારસંભાળ ન કરી.( )
- જ્ઞાની આત્માઓને જોઈ તેમના પ્રત્યે દ્વેષ મત્સર ચિંતવ્યો. ( )

- પોતાના જ્ઞાનનું અભિમાન કર્યું.( )
- પાંચ જ્ઞાનની શ્રદ્ધા ન કરી.()
- તોતડો - બોબડો જોઇ હસ્યો તેની મજાક કરી.( )
- અન્યથા - ખોટી રીતે પ્રરૂપણા કરી.( )
- કાગળ બાળ્યાં.( )
- પુસ્તકને થુંક લાગ્યું, પગ લાગ્યો, રૂપિયા ગણતા થુંક લગાડ્યું.( ) થુંકથી અક્ષરો બગાડયાં.( )
- અક્ષરવાળા કપડા પહેર્યા.( )
- ખાતા ખાતા એંઠા મોઢે બોલબોલ કર્યુ.( )
- ભોજન - પાણી એંઠા મૂકયાં.( )
- જ્ઞાન - જ્ઞાનીની આશાતના કરી ( ) તેમને ભણતા અંતરાય કર્યો.( )
- જિનવચનમાં શંકા કરી તેના વિરુદ્ધ પ્રરૂપણા કરી.( )
- ફકીર, બાવા, ભૂવા પાસે દોરા ધાગા કરાવ્યા, ( ) મંત્રાદિનું પાણી પીધું, ( ) પીવડાવ્યું, ( ) રાખડી બાંધી ( ) હાથ બતાવ્યો.( )

☆ ☆ ☆ ☆ ☆

## ૨. દર્શનાચાર

- સુદેવ, સુગુરુ અને સુધર્મમાં નિઃશંકપણું ન કીધું.( )
- ધર્મ સબંધી ફળમાં સંદેહ કર્યો.( )
- ચારિત્રધર આત્માઓની નિંદા કરી તેમના પર અભાવ થયો.( )
- મિથ્યાત્વીઓના ધર્મની પ્રશંસા કરી.( )

- સંઘમાં ગુણવંત આત્માઓની અનુમોદના ન કરી.( )
- દેવદ્રવ્ય, ગુરુદ્રવ્ય, જ્ઞાનદ્રવ્ય, સાધારણદ્રવ્ય નો નાશ થતા તેની ઉપેક્ષા કરી ( ) રક્ષણ ન કર્યુ.( )
- સાધર્મિક, પડોશી અથવા સગાસબંધી સાથે ઝઘડા કર્યા.( )
- અધોતી, અષ્ટપડ મુખકોશ વિના દેવપૂજા કરી.( )
- જિનબિંબને વાળાકુંચી, ધૂપધાણું, કળશનો ઠબકો લાગ્યો.( )
- જિનબિંબ હાથ થકી પડ્યું ( ), તેને ઉશ્વાસ નિશ્વાસ લાગ્યો.( )
- જિનમંદિર અથવા ઉપાશ્રયમાં મલ, શ્લેષ્મ આદિ લૂછ્યા.( )
- જિનમંદિરમાં હાસ્ય, ખેલ, કુતુહલ, રમત, આહાર, નિહાર કર્યા.( )
- જિનમંદિરમાં પાન, સોપારી, નૈવેદ્ય ખાધા.( )
- સ્થાપનાચાર્યજી હાથમાંથી પડી ગયા.( )
- સ્થાપનાચાર્યજી પડિલેહણ કરવાના રહી ગયા. ( )
- જિનમંદિરમાં મન, વચન અને કાયાની એકાગ્રતા ન રહી. ( ) જિનમંદરમાં અશુભ વિચારો આવ્યા.( )
- જિનમંદિરમાં મોબાઈલ લઈને ગયો. ફોન પર વાત કરી. ( ) જિનમંદિરમાં મોબાઈલ વાગતા તરત બહાર જઈને વાત કરી.( )
- જિનમંદિરની ૮૪ અશાતના જાણી નહીં ( ) અજાણતા ઘણી આશાતનાનું સેવન કર્યુ.( )
- જિનમંદિરમાં ઉદ્ભટ વેશ પરિધાન કરી ગયાં.) બીજાના મનમાં અશુભ વિકલ્પનું નિમિત્ત બન્યા.( )
- જિનેશ્વરદેવની સોગંધ ખાધી.( )

- જિનમંદિરજીની લાઇટ, કેસર વગેરે આપણા સંસારના કામમાં ઉપયોગ કર્યા.( ) એવી રીતે દેવદ્રવ્યનું ભક્ષણ કર્યુ.( )
- ચઢાવાના રૂપિયા ભરવામાં વાર લગાડી ( ), ભૂલી ગયા કે ભર્યા નહીં.( )
- ગુરુ પ્રત્યે ૩૩ આશાતના જાણી નહીં, અજાણતા ઘણી આશાતનાનું સેવન થયું.( )
- ગુરુનું વચન 'તહત્તિ' કરી ન સ્વીકાર્યું.( )
- દેવ ગુરુ વગેરેના ફોટા ફાડયા કે ફેંકયા.( )
- આપણા ધર્મને બીજાના ધર્મ સમાન માન્યા.( )
- બધા ધર્મ એક જ છે એવું સમજીને બધા ધર્મને માન્યા.( )
- અજૈનોના મંદિરમાં ગયા, દર્શન કર્યા, ત્યાં પૈસા ખર્ચ કર્યા.( )
- જિનેશ્વર પરમાત્માના બળ, અતિશય જ્ઞાન, ગાંભીર્યાદિક ગુણ, શાશ્વતી પ્રતિમા વિ.માં શંકા કરી. ( )
- બ્રહ્મા, વિષ્ણુ, શંકરાદિને ભગવાન કરી માન્યા. ( )
- ગણેશ ચતુર્થી, વિસર્જન વિ.માં જોડાયા. ( )
- મિથ્યાત્વીદેવોનો પ્રભાવ દેખી રોગ, આતંક કષ્ટ આવ્યે આલોક-પરલોકાર્થે પૂજયા-માન્યા.( )
- કુશાસ્ત્ર શીખ્યાં, સાંભળ્યા.( )
- બૌદ્ધ, સાંખ્યાદિક, સંન્યાસી, બ્રાહ્મણ, ભગત, જોગી, ફકીર વિ.ના કષ્ટ, મન્ત્ર, ચમત્કાર દેખી વાસ્તવિકતા જાણી નહી, મોહિત થયા. ( )
- શ્રાદ્ધ કર્યા ( ) કરાવ્યા. ( ).

- હોળી સળગાવી ( ) તે માટે દાન દીધું.( )
- હોળી, નવરાત્રિ, શીલ સાતમ, નાગપંચમી, આદિ મિથ્યાત્વી ધર્મના પર્વો માન્યા.( )
- પાણી, દાણા મંત્રાવ્યા.( ) યજ્ઞ, હોમ, હવન વિ. કર્યા. ( ) ભોગ ધર્યા.( ) કરાવ્યા. ( ) અનુમોદ્યા. ( )
- પિંપળે પાણી નાખ્યાં.( )
- પુણ્ય માટે નદી, કૂવા, તળાવ વગેરેમાં સ્નાન કર્યું.( ) કરાવ્યું. ( )
- ગ્રહણ, શનૈશ્ચર, મહામાસ, નવરાત્રિ આદિના વ્રતો કર્યા.( )
- અજાણ્યા માણસોના સ્થાપેલા વ્રત, નિયમો કર્યા. ( )
- અરિહંત પરમાત્મા, સાધુ-સાધ્વીજીની આલોક અને પરલોકમાં ભોગની વાંછાથી પૂજા કરી.( )
- સાધુ સાધ્વીજીના મલિન વસ્ત્રો જોઇ તેમના પ્રત્યે દુર્ગંછા કરી.( )
- મિથ્યાત્વીની પૂજા - પ્રભાવના દેખી પ્રીતિ થઇ.( )
- દાક્ષિણ્યતાથી તેમનો ધર્મ માન્યો. ( ) કર્યો.( )
- દારિદ્ર્યથી મિથ્યાત્વીઓનો ધર્મ માન્યો.( )
- સાધુ ભગવંત પાસે સાંસારીક કાર્યોનું મુર્હુત કઢાવ્યું.( )
- સંસાર સુખની ઇચ્છાથી સાધુ - સાધ્વીજી પાસે વાસક્ષેપ કરાવ્યો.( )
- ગુરુ ભગવંત પાસે જાણી જોઇને જુઠું બોલ્યા.( )

☆ ☆ ☆ ☆ ☆

## ૩. ચારિત્રાચાર

- સામાયિક - પૌષધ લઈ જોયા વગર ચાલ્યા.( )
- સામાયિક - પૌષધ લઈ સાવદ્ય - પાપવાળા વચન બોલ્યા.( )
- સામાયિક - પૌષધ લઈ અન્ન, પાણી અસૂઝતું લીધું.( )
- સામાયિક - પૌષધ લઈ આસન, શયન, ઉપકરણ, માતરું અણપૂંજી જીવાકૂલ ભૂમિકાએ મૂક્યું ( ) લીધું.( )
- સામાયિક પૌષધ લઈ મલ, શ્લેષ્મ, કફ, થૂંક, નાક - કાનનો મેલ વિ. જ્યાં ત્યાં પરઠવ્યા.( )
- સામાયિક - પૌષધ લઈ મનમાં આર્તધ્યાન ધ્યાયાં.( )
- સામાયિક - પૌષધ લઈ શરીર અણપડિલેહ્યું હલાવ્યું, અણપૂંજી ભૂમિ પર બેઠા.( )
- મુનિ ભગવંત પાસે રોગની ચિકિત્સા કરાવી, રક્ષા પોટલી બંધાવી.( )
- સાધુ-સાધ્વીની વસ્તુ પોતાના ઉપયોગમાં લીધી.()

☆ ☆ ☆ ☆ ☆

## પ્રથમ સ્થૂલ પ્રાણાતિપાત વિરમણ વ્રતના અતિચાર

- કોઈપણ પ્રકારના નિરપરાધી જીવો કૂતરા, બિલાડી, ગાય, મનુષ્યો વગેરે પર પ્રહાર કર્યો.( ) ગાઢ બંધનથી બાંધ્યા.( ) અતિભાર ઉપડાવ્યો.( ) લંછન, ચિહ્ન ડામથી કરાવ્યા.( ) ખસી કરાવી.( ) સમયસર ચારો - પાણી ન આપ્યા.( )

- લેવડ દેવડ કરી વેચ્યા.( )
- મનુષ્યોને ત્રાસ આપ્યો.( )
- તેને ભૂખ્યા રાખ્યા.( )
- પાસે રહી મરાવ્યા.( )
- જેલમાં નખાવ્યા.( )
- સડેલ અનાજ તડકામાં રાખ્યા. ઉપયોગમાં લીધા. દળાવ્યા.( )
- ઉંદર પકડવા પાંજરુ મુક્યું. પિંજરામાં ઉંદરની હિંસા થઇ.( )
- સ્ટવ, ગેસ, લાકડા, છાણા, ચૂલા જોયા વિના બાળ્યા.( ) સળગાવ્યા.( )
- તેમાં રહેલ સાપ, વીંછી, ખજુરા, માંકડ, જુ વિ. મર્યા( ) દુભાવ્યા.( )
- યોગ્ય સ્થાને ન મૂક્યા.( )
- ઉંદર, કીડી, માખી, મચ્છર, કંસારી, ગરોળી, ચકલા વગેરે જીવોના દર, માળા જાણતાં અજાણતાં તૂટી ગયા. ( ) તેમના ઇંડા ફૂટયા.( )
- માથામાંથી જૂ-લીખ નીકળી તેને મારી નાખી ( ) કે યોગ્ય સ્થાને ન મૂકી. ( )
- ધીમેલ, પતંગિયા, દેડકા, અળસિયા, ઇયળ, ડાંસ, તીડ વિ. જીવોનો વિનાશ કર્યો.( )
- મચ્છર, માખી, ઉધઇ, વાંદા વગેરેનો નાશ કરવા ઝેરી દવાનો છંટકાવ કર્યો ( ) કરાવ્યો.( )
- પૃથ્વીકાય વગેરે એકેન્દ્રિય જીવોની નિરર્થક હિંસા થઇ.( )

- કંઈ હલાવતા ચલાવતા, પાણી છાંટતા, કામકાજ કરતા દયાભાવ રાખ્યા વિના જેમ જેમ કામ કર્યું.( )
- અળગણ પાણી વાપર્યું.( ) નાહ્યા, કપડા ધોયા, વાસણ માંજ્યા.( )
- નળ વિ.નું ગળણું દિવસો સુધી બદલ્યું નહીં.( )
- સંખારો સૂકવ્યો.( )
- ગાદલા, આશીકા વિ. તડકે તપાવ્યા. પૃથ્વીકાય વગેરે એકેન્દ્રિય જીવોની નિરર્થક હિંસા થઇ.( )
- રૂ નું પિંજણ કામ કરાવ્યું.( )
- દળણે, ખાંડણે, લીંપણે જીવોની રૂડી જયણા ન કરી.( )
- જીવાકૂલ ભૂમિ લીપી.( )
- કબૂતર, ચકલા વગેરેના માળા તોડ્યા. ( ) ઈંડા ફોડ્યા.( ) રાત્રિભોજન કર્યા.( ) કરાવ્યા.( )
- ૨૨ અભક્ષ્યમાંથી કાંઇપણ ખાનપાન કર્યું.( )
- ૩૨ અનંતકાયમાંથી કાંઇપણ ખાનપાન કર્યું.( )
- બટાટા, ડુંગળી, લસણ, મૂળા, ગાજર, શકકરીયા, આદુ આદિ કંદમૂળનું ભક્ષણ કર્યું ( ) કરાવ્યું.( )
- બ્રેડ, સેન્ડવીચ, પાંઉ, પીઝા, બર્ગર વગેરે બજારૂ અભક્ષ્ય ચીજો ખાધી ( ) ખવડાવી.( )
- મધ, ચીઝ, માખણ, માંસ, મદિરા, ખસખસ, પાલકની ભાજી, મૂળાની ભાજી, બરફ વગેરે અભક્ષ્ય ચીજો ખાધી.()
- વોટર પાર્કમાં મોજ મજા કરી.( )

- નદી તળાવમાં સ્નાન કર્યું.()
- હોટલમાં અભક્ષ્ય ખાનપાન નિઃશંક કર્યા ( )કરાવ્યા.( ) લગ્નાદિપ્રસંગોમાં અભક્ષ્ય ખાનપાન કર્યુ () કરાવ્યુ.( ) - પર્વ તિથિએ ખાંડવા દળવાની પ્રવૃત્તિ કરી ( )કરાવી.( )
- ચોમાસામાં મગ સિવાયનું આખુ ધાન (કઠોળ) વાપર્યું.( )
- ચોમાસામાં કોથમીર આદિ ભાજીપાલો વાપર્યો.( )
- ચોમાસામાં ફોડ્યા વિનાની બદામ તથા બીજુ ડ્રાયફ્રુટ વાપર્યું.( )
- પાંચ પર્વતિથિએ લીલા શાકભાજી તથા ફળફળાદિ ખાધા.( )
- પંખો કરવાથી, દરવાજો પ્રમાદથી બંધ કરતા, ઘર બંધ કરી બહાર જતા અંદર રહી જવાથી પક્ષી વગેરે જીવોની હિંસા થઇ.( )
- લોન ઉપર બેઠા, સૂતા, ચાલ્યા.( )
- બગીચો બનાવ્યો તેમાં નિગોદ વિગેરેની પુષ્કળ વિરાધના થઇ.( )
- ગર્ભપાત કર્યો.( ) ગર્ભપાત કરાવ્યો.( ) - ગર્ભપાત કરનાર કરાવનારને સહાય કરી. ( )
- પોતાના મોજશોખ માટે હિંસક સૌંદર્ય પ્રસાધનો શોખથી વાપર્યા.( )
- રોગાદિક આવતા હિંસક દવાઓનો નિઃશંક ઉપયોગ કર્યો. ( )
- વરસાદની મોસમમાં ઘરના આંગણા વગેરેમાં નિગોદ ન થાય તેવા પ્રયત્ન ન કર્યા. ( ) થયા પછી જયણા ન કરી.( )
- ચાતુર્માસમાં તીર્થયાત્રાઓ કરી.( )
- ચાતુર્માસમાં રજાઓ ગાળવા હરવા ફરવા હીલ સ્ટેશન, પીકનીક

સ્પોટ પર ગયા.( )

- વર્ષાઋતુમાં લાઇટ - દીવાની જયણા ન રાખતા ઘણા સંમૂર્ચ્છીમ જીવોની ઉત્પતિ થઇ તેની વિરાધના થઇ.( )
- ન્હાવામાં ઠંડુ, ગરમ પાણી ભેગું કર્યું.( )
- ઘણીવાર ભોજન એઠું મૂક્યું. () ૪૮ મિનિટ ઉપર રહ્યું.( )
- ખારુ, મીઠુ પાણી ભેગું કર્યુ.( )
- રાત્રિમાં સ્નાન કર્યુ.( )
- ઠંડીમાં તાપણુ - ધૂણી કરાવી. ( )

☆ ☆ ☆ ☆ ☆

## ૨. મૃષાવાદ સબંધી આલોચના

- એકાએક બીજાને જાણ્યા વિના ખોટું આળ આપ્યુ. ( ) દોષારોપણ કર્યુ.( )
- પોતાના પતિ-પત્નીની ગુપ્ત વાતો જાહેર કરી.( )
- બીજાની ગુપ્ત વિચારણા, મર્મને પ્રગટ કર્યા.( ) - બીજાને કષ્ટમાં પાડવા સત્યને ખોટી બુધ્ધિ આપી.( ) ખોટો લેખ લખ્યો.( )
- ખોટી સાક્ષી આપી.( )
- બીજાની થાપણ પડાવી લીધી.( )
- કન્યા, ગાય, ઢોર, જમીન સબંધી લેવડ દેવડમાં, ઝઘડો થતાં જૂઠું બોલ્યા.( )
- ગાળો બોલ્યા.( )

- ઠઠ્ઠા મશ્કરી કરી.( )
- ટોણા માર્યા.( )
- ક્રોધથી, લોભથી, ભયથી, હાસ્યથી ખોટુ બોલ્યા.( )
- શ્રાપ આપ્યો.( )
- વિશ્વાસઘાત કર્યો.( )
- ખોટા દસ્તાવેજ બનાવ્યા.( )
- ટેક્ષ બચાવવા ખોટી બેલેન્સ શીટ બનાવી. ( )

☆ ☆ ☆ ☆ ☆

## ૩. સ્થૂલઅદત્તાદાન વિરમણ સબંધી આલોચના

- નાની મોટી ચોરીઓ કરી.( )
- વૃક્ષ પરથી ફળ વગેરે ચોર્યા. ( ) શાક માર્કેટમાંથી ફળ શાકભાજી વગેરે ચોર્યા.( )
- ચોરાયેલી વસ્તુ લીધી.()
- ચોરને પ્રોત્સાહન આપ્યુ.( )
- રાજયના કાયદા વિરુદ્ધ વર્ત્યા.( )
- લાંચ લીધી.( ) આપી.()
- ખોટા તોલમોલ કર્યા.( )
- ઘરમાં પૈસાની ચોરી કરી.( )
- માતા, પિતા, પત્ની, પુત્ર, મિત્ર વગેરેને છેતર્યા.( )
- રેલ્વે, બસ, પોસ્ટની ટિકિટ વગેરેની ચોરી કરી.( )
- ભાગ પડાવવામાં ઓછુ વત્તુ કર્યુ.( )

- સોદા નકકી કર્યા પછી ફરી ગયા.( )
- ટેક્ષ ચોરી કરી.( )
- પરિક્ષામાં ચોરી કરી.( ) કરાવી.( )
- વિશ્વાસઘાત કર્યો.( )
- બીજાના પૈસા લઈ ફરી ગયા. ( )

☆ ☆ ☆ ☆ ☆

## ૪. સ્વદારા સંતોષ પરસ્ત્રીગમન વિરમણ વ્રત સબંધી અતિચાર

- પરસ્ત્રી/પરપુરુષ સાથે સંબંધ બાંધ્યો.( )
- વિધવા, વેશ્યા, પરસ્ત્રી, કુલાંગના, સ્વદારા શોકતણે વિષે દ્રષ્ટિ વિપર્યાસ કર્યો.( )
- પરસ્ત્રી/પરપુરુષ સાથે સરાગ વચન બોલ્યા.( )
- આઠમ/ચૌદસ વગેરે પર્વતિથિના નિયમ લઈ ભાંગ્યા.( )
- નાતરા કરાવ્યા.( )
- વરવહુ વખાણ્યા.( )
- કુવિકલ્પ ચિંતવ્યા.( )
- અનંગક્રીડા કરી.( )
- સ્ત્રીના અંગોપાંગ નીરખ્યા.( )
- પરાયા વિવાહ જોડ્યા.( )
- ઢીંગલા - ઢીંગલી પરણાવ્યા.( ) બાળ વિવાહ કર્યા.( )

- કામભોગ તણે વિષે તીવ્ર અભિલાષ કર્યો.
- શયન વખતે સ્વપ્નમાં અતિક્રમ, વ્યતિક્રમ, અતિચાર, અનાચાર થયા.( )
- કુસ્વપ્ન આવ્યુ.()
- નટ, વિટ, સ્ત્રીને વિશે હાસ્ય કર્યું.( )
- બળાત્કાર કર્યો.( )
- વિજાતીયના અંગોપાંગ જોયા.( )
- સ્ત્રી-પુરુષને કામક્રીડા કરતા જોયા.()
- કુમારી અવસ્થામાં શીલભંગ કર્યા.( )
- સ્લીવલેસ, ઉર્દ્ધટ, જીન્સ વગેરે અશ્લીલ કપડા પહેર્યા.( )
- સ્ત્રી/પુરુષના ચિત્ર રાગથી જોયા.( )
- તીર્થમાં અબ્રહ્મનું સેવન કર્યુ.( )
- બ્લુ ફિલ્મ જોઇ( )
- સ્કુલ/કોલેજમાં છોકરા/છોકરી સાથે રતિક્રીડા કરી.( ) કુચેષ્ટા કરી.( ) ખરાબ વાતો કરી.( ) તેમની સાથે ફરવા ગયા.( )
- જાનમાં ગયા.( ) જાનના વરઘોડામાં નાચ્યા.( )
- પ્રેમપત્ર લખ્યા.( ) બીજાના પ્રેમપત્ર વાંચ્યા.( )
- સુહાગરાતની સેજ સજાવવામાં ભાગ લીધો.( )
- સંતતિ નિયમનનું ઓપરેશન કરાવ્યુ.( )
- અશ્લીલ સાહિત્ય વાંચ્યુ.( )
- ગર્ભપાતની દવા લીધી.() બીજાને લેવાની પ્રેરણા કરી.( )

☆ ☆ ☆ ☆ ☆

## ૫. સ્થૂલપરિગ્રહ પરિમાણ વ્રતના અતિચાર

- નવવિધ પરિગ્રહના નિયમ લઇ વૃધ્ધિ દેખી મૂર્છા લગે સંક્ષેપ ન કીધો.( )
- માતા-પુત્ર-સ્ત્રી તણે લેખે કર્યું.( )
- પરિગ્રહ પરિમાણ ન લીધું.( )
- પરિગ્રહ પરિમાણ લઇને યાદ કર્યું નહીં. ( ) યાદ કરવું વિસાર્યું.( ) નિયમ ભૂલ્યો.( )
- પરિગ્રહની ધારણાથી વધારે પરિગ્રહ, લોભથી ભેગો કર્યો.( )
- ધનના લોભથી ભાઇ-બહેન વગેરેની જાયદાદ, દુકાન વગેરે પર પોતાનો હક્ક જમાવ્યો.( )
- પરિગ્રહ ઉપર મૂર્છા મમતા રાખી.( )
- ધન વધવાથી આનંદ થયો.( )
- બિનજરૂરી વસ્તુની ખરીદી કરી.( )
- ધનના લોભથી દોરા-ધાગા, વાસક્ષેપ કરાવ્યો.( )
- લોભથી અરિહંત પરમાત્માનો ત્યાગ કરી અન્ય દેવ દેવીઓને પૂજ્યા.( )
- કંજૂસાઇથી ધન હોવા છતા ધર્મમાં ન ખર્ચ્યું.( )
- બીજાનું ધન, મિલ્કત, વસ્તુ, મકાન, ફર્નીચર જોઇને ખરીદવાનું મન થયું.( )

☆ ☆ ☆ ☆ ☆

## ૬. દિગ પરિમાણ વ્રત

- દશે દિશામાં જવા આવવાના નિયમ લઈ ભાંગ્યા.( )
- અનાભોગથી વિસ્મરણ થવાથી અધિક ભૂમિ ગયા.( )
- ચોમાસામાં પરગામ ગયા.( )
- ચોમાસામાં તીર્થયાત્રા કરી.( )
- ભૂમિ એક બાજુ સંક્ષેપી, બીજી બાજુ વધારી. ( )

☆ ☆ ☆ ☆ ☆

## ૭. ભોગ - ઉપભોગ વિરમણ વ્રત સબંધી આલોચના.

- સચિત્ત નિયમ લઈ અધિક સચિત્ત લીધુ.( )
- અપક્વ, દુષ્પક્વ, તુચ્છ ઔષધિ ખાધા.( )
- ૧૪ નિયમ ન લીધા. (રાત્રિ દિવસ)( )
- ૧૫ કર્માદાન કર્યા.( )
- બહુ સાવદ્ય કર્માદાન કરાવ્યા.( )
- વાશી માખણ તવાવ્યા.( )
- ફાગણ માસ પછી ઓસાવ્યા વગરના તલ ટોપરું વાપર્યા.( )
- ચૂલા પૂંજ્યા વિના પેટાવ્યા.( )
- ઘી, તેલ, ગોળ ના વાસણ ઉઘાડા રાખ્યા.( )
- ઘી, તેલ, ગોળ ના વાસણમાં માખી, કુંતી, ઉંદર ગરોળી પડી. કીડી ચડી તેની જયણા ન કીધી.( )

- કારણથી કે કારણ વગર, અજ્ઞાન અવસ્થામાં રાત્રિભોજન કર્યું.( ) કરાવ્યુ.( )
- અથાણુ, લીંબુ, મરચા, આમળા, મુરબ્બો વગેરે બજારના અભક્ષ્ય અથાણા - આચાર ખાધા.( )
- ૨ રાત્રિ વીતી ગયા પછી દહીંનો ઉપયોગ કર્યો.( )
- દહીંવડા કે કાચા દહીં અને દૂધ સાથે દ્વિદળનું ભક્ષણ કર્યું. ( ) કરાવ્યુ,( )
- પીઝા, ચીઝ, પાંઉ વગેરે ખાધા. ( ) બ્રેડ, સેન્ડવીચ ખાધા.( ) ખવડાવ્યા.( )
- વાસી રોટલી, થેપલા વગેરે ખાધા.( )
- ખમણ ઇડલી વગેરેનો વાસી આથો રાખ્યો.()
- હોટલ વગેરેનું ખાધુ.( )ખવડાવ્યુ.( )
- ફુલગોબી, તુચ્છ ફળ જેમકે બોર, સીતાફળ વગેરે ખાધા. ખસખસ, મેટ, માટી, ચોક ખાધા ( ) ખવડાવ્યા.()
- આદ્રા નક્ષત્ર પછી રાયણ, કેરી ખાધા.( ) ખવડાવ્યા.( )
- ફાગણ ચોમાસી પછી મેવો, ભાજી ખાધા.( ) ખવડાવ્યા.( )
- વાસી મલાઇ ભેગી કરીને માખણ બનાવ્યુ.( )
- હથિયારનો, કરીયાણાનો વ્યાપાર કર્યો. ( ) કરાવ્યો.( )
- તિવિહાર, ચોવિહારના પચ્ચકખાણ પછી ઉલટી થઇ.( )
- ઘર દુકાનમાં કલર કરાવ્યો.( )
- ઇંટ નિભાડા પકાવ્યા.( )
- પોપકોર્ન ચણા શેક્યા.( )

☆ ☆ ☆ ☆ ☆

## ૮. અનર્થદંડ વિરમણ વ્રતના અતિચાર.

- અનર્થદંડ વિરમણ વ્રત લીધુ નહીં.( ) લઈને ભાંગ્યુ.( )
- ડોકટર, પ્રાઈમ મીનીસ્ટર, સત્તાધીશ, ક્રિકેટર વગેરે બનવાની ઈચ્છા કરી.( )
- બીજાની નિંદા કરી.( ) સાસુ-વહુ, ભાઇ-ભાભી, દેરાણીજેઠાણી વગેરે સાથે ઝઘડા કર્યા.( )
- ગાય, બળદ વગેરેને ગાડી સાથે જોડયા.( ) ખેતી કરી.( )
- હળ, યંત્ર, ઘંટી, ગેસ, સીલીંડર, ચુલો, ચાકુ, મિકસર, ખાંડણી, દસ્તો, કાતર, સોય વગેરે હિંસક સાધન બીજાને આપ્યા.( )
- સિનેમા, ટી.વી., વિડીયો જોયા.( ) સાંભળ્યા.( )વેચ્યા.( ) ભાડા પર આપ્યા.( )
- જંતર મંતર કર્યુ.( ) કરાવ્યુ.( )
- સરોવર સૂકવ્યા.( ) જુગાર રમ્યા.( ) લોટરી ખરીદી.( )
- શતરંજ, કેરમ, ક્રિકેટ, પત્તા, કબડ્ડી, હોળી વગેરે રમ્યા.( )
- હાસ્ય, મજાક, મેણા-ટોણા, અટ્ટહાસ્ય કર્યુ.( )
- બીજાના રૂપની પ્રસંશા કરી.( )
- ભોજનની નિંદા કરી.( ) અનુમોદના કરી.( ) કરાવી.( )
- પ્રમાદ કર્યો.( ) ઝુલા ઝુલ્યા.( )
- કર્કશ વાણી બોલ્યા.( )
- ક્રોધથી બોલવાનું બંધ કર્યુ.( )
- ભેંસ, કુતરા, બિલાડી, બકરી, ગાય વગેરે પાળ્યા.( ) પરેશાન કર્યા.( ) બાંધ્યા.( )

- ઝઘડા કર્યા.( ) કરાવ્યા.( )
- રાગ દ્વેષથી કોઇની વૃદ્ધિ, સમૃદ્ધિ જોઇને ઇર્ષ્યા કરી.( ) તેનું અહિત વિચાર્યુ.( )
- પોપટ, મેના, કબૂતર, કોયલ, ચકલી વગેરેને પિંજરામાં બંધ કરાવ્યા.( ) પાળ્યા.( )
- કુતુહલથી બીજાની વાતો જાણવાની કે કાંઇ જોવાની ઇચ્છા કરી.( )
- સ્વીમીંગ પુલમાં ગયા.( )
- વિકથા કરી.( ) (રાજકથા / ભક્તકથા / દેશકથા / સ્ત્રીકથા /પુરુષકથા)
- મુર્ખપણાથી અસંબધ વાક્ય બોલ્યા.( )
- આર્તધ્યાન રૌદ્રધ્યાન ધ્યાયા.( )
- ચાડી ચુગલી કરી.( )
- પાપોપદેશ કર્યો.( )
- ઘણી નિંદ્રા કરી.( )
- એકને ઋદ્ધિ, પરિવાર થાય તેવી ઇચ્છા કરી.( )
- એકને મૃત્યુ થાય તેવું ઇચ્છયું.( )

☆ ☆ ☆ ☆ ☆

## ૯. સામાયિક વ્રત

- સામાયિક લઇ દુર્ધ્યાન કર્યુ.( )
- સમય હોવા છતા સામાયિક ન લીધુ.( )

- સામાચિક લઈ ઉઘાડે મોઢે બોલ્યા.( )
- સામાચિકમાં ઉંઘ્યા.( )
- સામાચિકમાં વાત - વિકથા કરી.( )
- સામાચિકમાં ઘરની ચિંતા કરી.( )
- સામાચિકમાં વીજ દીવાની ઉજેઇ લાગી.( )
- સામાચિકમાં પાણી, નીલ, શેવાળ, ફુલ, હરિયકાય, બીચકાયનો સંઘટ્ટો થયો.( )
- સ્ત્રી/પુરુષ, તિર્યંચનો સંઘટ્ટો થયો.( )
- મુહપત્તિ, ચરવળો ૩॥ હાથ દૂર પડી ગયા.( )
- સામાચિક વહેલુ પાળ્યુ.( )
- સામાચિક પાળવાનું ભૂલ્યો. ( )
- સામાચિકમાં M.C. વાળા થતા વહેલુ પાળ્યુ.( )
- ઉજેઇમાં ભણ્યા.( )
- સામાચિકમાં લાઇટ કરાવી.( )
- સામાચિકમાં માત્રુ, સ્થંડિલ સંડાસમાં ગયા.( )
- સામાચિકમાં કાળવેળામાં કામળી વગર બહાર ગયા.( )
- સામાચિકમાં પુત્ર-પુત્રી, સગા સબંધીઓની સગપણ/લગ્નની ચિંતા કરી.( )
- ચરવળાથી બીજાને મારવાની એકશન કરી.( )
- સામાચિકમાં અચાનક વરસાદના છાંટા પડચા, કાચાપાણીનો સંઘટ્ટો થયો.( )
- મુહપત્તિ, ચરવળાથી હવા ખાધી.( )

- સામાયિકના ૩૨ દોષમાંથી કોઈ દોષ લાગ્યા.( )
- સામાયિકનો નિયમ ન કર્યો.( ) લઈને ભાંગ્યો.( )
- સામાયિકમાં ઝઘડો કર્યો.( ) ફોનમાં વાત કરી.( ) કરાવી.()
- પાપ વ્યાપાર કર્યો.( )
- ઘર સંબંધી વાતોની સૂચના સલાહ આપી.( )

☆ ☆ ☆ ☆ ☆

## ૧૦. દેશાવગાસિક વ્રત

- દેશાવગાસિક વ્રત લીધું નહીં.( ) લઈને ભાંગ્યુ.( )
- નિયમથી વધારે વસ્તુઓ મંગાવી.( ) મોકલી.( )
- નિયમિત ભૂમિમાં રહી બહારથી વસ્તુ મંગાવી.( )
- નિયમિત ભૂમિમાં રહી બહાર વસ્તુ મોકલી.( )
- રૂપ દેખાડી, કાંકરો વિ. નાખી, અવાજ કરી આપણા હોવાપણાનું જણાવ્યુ.( )

☆ ☆ ☆ ☆ ☆

## ૧૧. પૌષધ વ્રત

- સંથારાની ભૂમિ પુંજી નહીં.
- સ્થંડિલ દિવસે ન શોધ્યા ( )
- માત્રુ અણપૂંજી ભુમિકાએ પરઠવ્યુ.( )

- પરઠવતા “અણુજાણહ જસ્સુગ્ગહો” તથા પરઠવ્યા પછી “વોસિરે” ૩ વાર ન કીધુ.( )
- પોસહના ૧૮ દોષ પૈકી કોઈ દોષ લગાડયા.( )
- દેરાસર - ઉપાશ્રયમાં પેસતા નિસિહિ તથા બહાર નીકળતા આવસ્સહિ ન કીધું.( )
- સંથારા પોરિસીનો વિધિ ભણવો વિસાર્યો.( )
- પારણાદિકની ચિંતા કરી.( )
- કાળ વેળાએ દેવ ન વાંધા.( )
- પોષહ અસૂરો લીધો.( ) સવેળા પાળ્યો.( )
- પર્વતિથિએ પોષહ ન લીધો.( )

☆ ☆ ☆ ☆ ☆

## ૧૨. અતિથી સંવિભાગ વ્રત

- સચિત્ત વસ્તુ વાસણ ઉપર પડી હોવા છતા મહાત્મા મહાસતીજીને અસૂઝતું દાન દીધુ.( )
- આપવાની બુદ્ધિથી અસૂઝતુ હોવા છતા સૂઝતું કહ્યું.( )
- ન આપવાની બુદ્ધિથી સૂઝતુ હોવા છતા અસૂઝતું કહ્યું. ( ) આપણુ હોવા છતા બીજાનું કીધુ.( )
- વહોરવાના સમયે આઘા પાછા થઈ ગયા. () હાજર ન રહ્યા. ()
- મત્સર, અભિમાન ધરી દાન આપ્યુ.( )
- ગુણવંત આવ્યે ભક્તિ ન સાચવી.( )

- છતી શક્તિએ સાધર્મિક વાત્સલ્ય ન કીધું.( )
- ધર્મક્ષેત્ર સીદાતા જોઇ છતી શક્તિએ ઊદ્ધર્યા નહી.( )
- દીન, ક્ષીણ પ્રત્યે અનુકંપાદાન ન આપ્યું.( )
- અતિથી સંવિભાગ વ્રત ન કર્યું.( )
- પર્વતિથીમાં તપ ન કર્યું.( )

☆ ☆ ☆ ☆ ☆

## ૧૩. સંલેખનાના અતિચાર

- જ્ઞાનાદિ ગુણો પ્રાપ્ત કરવાની ઇચ્છા ન કરી.( )
- ધર્મના પ્રભાવથી પુત્ર, ધન, સંપત્તિની ઇચ્છા કરી.( )
- સાંસારિક સુખની કામના કરી.
- યશ, સૌભાગ્ય વગેરેની ઇચ્છા કરી.( )
- પરલોકમાં દેવેન્દ્ર બનુ, એની પત્ની વગેરે મળે એવી ભાવના કરી.( )
- દુઃખ આવવાથી મરવાની ઇચ્છા થઇ.( )
- સુખી થવાથી જીવન જીવવાની ઇચ્છા કરી.()
- મરણથી બીક લાગી.( )

☆ ☆ ☆ ☆ ☆

## ૧૪. તપાચારની આલોચના

- છતી શક્તિએ પર્વતિથિએ ઉપવાસ ન કર્યો.( )
- ઉણોદરી તપ ન કર્યો.( )
- વૃત્તિ સંક્ષેપ તપ ન કર્યો. ( )
- રસત્યાગ તપ ન કર્યો.( )
- લોચાદિક કષ્ટ સહન ન કર્યા.( )
- સંલીનતા - અંગોપાંગ સંકોચી ન રાખ્યા.( )
- પચ્ચક્ખાણ પારવું ભૂલ્યો.( )
- પચ્ચક્ખાણમાં કાચુ પાણી પીધું.( )
- તપમાં ખાવાની વસ્તુઓને યાદ કરી.( )
- તપસ્વીની અનુમોદના - બહુમાન ન કર્યું.( )
- શક્તિ હોવા છતા તપ ન કર્યુ.( )
- તપમાં બીજાને અંતરાય કર્યો.( )
- જ્ઞાનનો, શાસનરક્ષાનો, કર્મક્ષયનો, અરિહંત પદ વગેરેનો કાઉસ્સગ્ગ ન કર્યો. ( )
- એકાસણા, આયંબિલ વગેરે કરી ઉઠતા સમયે તિવિહારનું પચ્ચક્ખાણ ન લીધુ.( )
- દેવ - ગુરૂ - ધર્મનો અવિનય કર્યો.( )
- બાળ, વૃદ્ધ, ગ્લાન, તપસ્વીની સેવા ન કરી.( )
- પંચવિધ સ્વાધ્યાય ન કર્યો. ( )
- નવકારશી, ચોવિહાર વગેરે પચ્ચક્ખાણ ન કર્યા.( )

- તપશ્ચર્યા કષ્ટદાયક છે. માત્ર ભૂખે મરવાથી શું લાભ થશે એવું માન્યુ.( )
- તપસ્વીની નિંદા કરી.( )
- તપથી તો ધ્યાનમાં વધારે લાભ છે અવું માનીને અશ્રદ્ધા કરી.( )
- આલોચના ન લીધી.( ) લઇને પૂરી ન કરી.( )
- તપમાં ઉલ્ટી થઇ.( )

☆ ☆ ☆ ☆ ☆

## ૧૫. વીર્યાચારની આલોચના

- ભણવુ, ગણવુ, વિનય, વૈયાવચ્ચ, દેવપૂજા, સામાયિક, પૌષધ, દાન, શીલ, તપ, ભાવના વગેરે ધર્મકાર્યમાં મન વચન કાયાનું છતું બળ છતું વીર્ય ગોપવ્યુ.( )
- વિવિધ ધર્મ કરણીમાં ખમાસમણ વિધિપૂર્વક પંચાગ પ્રણિપાત ન દીધા.( )
- વાંદણાના આવર્તવિધિ સાચવ્યા નહી.( )
- ધર્મકરણીમાં અન્ય ચિત્ત, આદરરહિત બેઠાં. ( )
- પૂજા, દેવવંદન, પ્રતિક્રમણ, ચૈત્યવંદન વગેરે ઉતાવળુ કર્યુ.()
- ક્રિયા, તપમાં માયા કરી.( )
- આત્મહત્યાનો વિચાર આવ્યો.( )
- શક્તિ હોવા છતા જિનમંદિર ન બંધાવ્યું.( ) પ્રતિમા ન ભરાવી.

() આગમો ન લખાવ્યા.( ) સાધુ સાધ્વી વૈયાવચ્ચમાં ( ) શ્રાવક શ્રાવિકાની સાધર્મિક ભક્તિમાં ધન ખર્ચ ન કર્યું.( )

- માતા-પિતા ગુરુ વગેરેની સેવા ન કરી.( )
- શ્રાવકની દિનચર્યા બરાબર ન પાળી.( )
- શક્તિ હોવા છતાં ધર્મક્રિયાઓ બેઠા બેઠા કરી.( )

☆ ☆ ☆ ☆ ☆

## ૧૬. અન્ય અતિચાર

- જીવ - અજીવ વગેરેની સૂક્ષ્મ વિચારણા ન કરી.( )
- આપણી કુમતિથી ઉત્સૂત્ર પ્રરૂપણા કરી.( )
- ૧૮ પાપ સ્થાનકનું નિઃશંકપણે સેવન કર્યું.( ) કરાવ્યુ. ) અનુમોદયુ.( )
- વીતરાગ પ્રભુએ પ્રતિષેધ કરલું આચરણ કર્યું.( )
- વીતરાગ પ્રભુએ બતાવેલુ આચરણ ન કર્યું.( )
- વીતરાગ પ્રભુએ કહેલી વાતોમાં અશ્રદ્ધા કરી.( )
- માતા-પિતાને ગાળો આપી.( )
- જીવ-અજીવ-પુદ્ગલ દ્રવ્ય પર રાગ - દ્વેષ કર્યો.( )
- સગા સબંધી મૃત્યુ પામવાથી કે દુઃખ આવવાથી દુર્ધ્યાન કર્યું.( )
- શત્રુંજય પર્વત પર દહીં વગેરે ખાધું.( )
- શત્રુંજય પર્વત પર બાળકને બિસ્કીટ, વેફર વગેરે ખાવાની વસ્તુઓ ખવડાવી.( )

- શત્રુંજય તીર્થમાં રાત્રે ભેળ, પાંઉભાજી, શેરડીનો રસ વગેરે ખાધું પીધું.( )
- જિનપૂજામાં હિંસાને માનવા વાળાને ગુરુ માન્યા.( ) તથા વંદન કર્યા.( )
- સાધુ સાધ્વીના પતનમાં નિમિત્ત બન્યા.( )
- જિન મંદિરના કાર્યમાં, સંઘના કાર્યમાં અવરોધ ઉભા કર્યા.( )
- સાધુ સાધ્વી સાથે ઈર્ષ્યા - રાગ - દ્વેષ - ઝઘડા કર્યા.( )
- જૈન શાસ્ત્રોની નિંદા કરી.( )
- પૂજામાં બીજાને અંતરાય કર્યો.( )
- જિનમંદિરમાં બીજાને ખલેલ પહોંચે તેમ સ્તુતિ - સ્તવનો ગાયા.( )
- મોક્ષ માર્ગથી વિરુદ્ધ સલાહ, ઉપદેશ આપ્યો.( )

☆ ☆ ☆ ☆ ☆

## ૧૭. ક્રોધાદિ કષાયોથી સેવેલ પાપોની આલોચના

- દ્વેષીને મારવાની ઇચ્છા કરી.( )
- ગુસ્સામાં બીજા સાથે મારપીટ કરી.( )
- અપશબ્દ બોલ્યા.()
- વડીલની સામે બોલ્યા.( )
- વડીલોને, માતા-પિતાને, સાસુ-સસરાને, બાળકોને નોકરોના ભરોસે રાખ્યા.( )
- માતા-પિતાને વૃદ્ધાશ્રમમાં મોકલ્યા.( )

- પોતાના ખાનદાન, કુળ, રૂપ, ધન, જ્ઞાન વગેરેના ગર્વ કર્યા.( )
- બીજાને પોતાનાથી નીચા માન્યા.( )
- સ્કુલ, કાલેજ, પાઠશાળા, ઓફિસ, મંદિર, દોસ્તના ઘરે વગેરેના નામ લઈને સિનેમા જોવા ગયા.( ) ફરવા ગયા.( )
- તીર્થયાત્રાનું નામ લઈ પીકનીક કરવા ગયા.( )
- પત્ની કે પતિએ પરસ્પર એકબીજાને પરેશાન કર્યા.( )
- સંઘમાં રાત્રે ભોજન કર્યું.( ) ટી.વી. જોયુ.( ) વ્યાખ્યાન ન સાંભળ્યુ.( )
- પત્નીને મારી, કટુ શબ્દ બોલ્યા.( ) તેના પિયરવાળાને ગાળ આપી.( )
- પોતાની પ્રશંસા કરી.( ) નિંદા કે બીજાની વાતો સાંભળવામાં રસ લીધો.( )
- મહોત્સવ, પૂજા, પ્રભાવના, સ્વામી વાત્સલ્ય વગેરે અનુષ્ઠાનો કરવા કે કરાવવા વ્યર્થ માન્યા.( )
- વગર જોયે નોકર, ચાકર કે બીજા ઉપર ચોરીનો આક્ષેપ લગાવ્યો.( ) કે શંકા કરી.( )
- બાળકની સાક્ષી પૂરીને બીજાના બાળકને માર ખવડાવ્યો( ) અથવા માર્યો.( )
- પાણી ગાળીને જીવાણી (સંખારો) ન કાઢી ( ) નળ ઉપર કપડા કે કોથળી ન બાંધી.( )
- લગ્નમાં ભોજન કર્યું.( )

☆ ☆ ☆ ☆ ☆

## ૧૮. એમ.સી. ન પાળવાથી લાગતા અતિચાર

- એમ.સી.નું પાલન નથી કર્યુ ( )
- કપડા ધોયા વગર ફેકી દીધા. ( )
- ૨૪ પ્રહર પૂર્વે સ્નાન કર્યુ ( )
- એમ.સી.માં રસોઇ બનાવી.( ) પરિવારને ખવરાવી. ગુરુદેવને વહોરાવી.( )
- મંદિરમાં પૂજા કરતા એમ.સી.માં થયા.( )
- તીર્થમાં એમ.સી.માં થયા.( )
- સામાયિકમાં એમ.સી.માં થયા.( )
- એમ.સી.માં રતિક્રિડા કરી.( )
- એમ.સી.માં પુરુષ કે પતિ સાથે સંઘટ્ટો થયો.()
- એમ.સી.માં પૂજા કરી.( )
- એસ.સી.માં દર્શન કરવા ગયા.( )
- એમ.સી.માં વ્યાખ્યાન સાંભળવા ગયા.( )
- એમ.સી.માં બસ, ટ્રેનની મુસાફરી કરી.( )
- એમ.સી.માં નોવેલ વાંચી.()
- એમ.સી.માં વાતો, હસી મજાક કરી.( )
- એમ.સી.માં કાંસાના વાસણમાં ખાધુ પીધુ.( )
- એમ.સી.માં સ્કુલ કોલેજમાં ભણવા ગયા.()

☆ ☆ ☆ ☆ ☆

# તમે નીચેમાંથી જે કરી શકતા હોય તેની સામે (✓) કરો

| | | | |
|---|---|---|---|
| અઠ્ઠમ | ( ) | છઠ્ઠ | ( ) |
| ઉપવાસ | ( ) | આયંબિલ | ( ) |
| એકાસણા | ( ) | બિયાસણા | ( ) |
| સામાયિક | ( ) | માળા | ( ) |
| સ્વાધ્યાય | ( ) | ગાથા | ( ) |
| વાંચન | ( ) | મૌન | ( ) |
| રાત્રિભોજન ત્યાગ | ( ) | | |
| કંદમૂલ ત્યાગ | ( ) | | |

| | |
|---|---|
| અભક્ષ્ય અનંતકાય ત્યાગ | ( ) |
| નિત્ય જિનપૂજા | ( ) |
| ઠંડા પીણા, આઇસક્રીમ ત્યાગ | ( ) |
| જિનવાણી શ્રવણ | ( ) |
| સવારે ૫ થી ૬માં શયન ત્યાગ | ( ) |
| સપ્ત વ્યસન ત્યાગ | ( ) |
| ૪ મહા વિગઇ ત્યાગ | ( ) |
| પૌષધ વ્રત (ઉપવાસ/આયંબિલ/એકાસણા) | ( ) |

# નોંધ

# નોંધ

# ભવ આલોચના



: પ્રેરણા :

પ.પૂ. તપાગચ્છાધિપતિ આચાર્ય શ્રી
વિજય રામસૂરીશ્વરજી મહારાજા (ડહેલાવાળા)ના શિષ્યરત્ન
પ.પૂ.આચાર્ય વિજય જગચ્ચંદ્રસૂરીશ્વરજી મહારાજા

॥ શ્રી જીરાવલા પાર્શ્વનાથાય નમઃ ॥
॥ નમો નમઃ શ્રી ગુરુ રામ-જગચ્ચન્દ્રસૂરયે ॥

પ.પૂ.આ.ભ. **શ્રી જગચ્ચંદ્રસૂરીશ્વરજી મ.સા.**
(ડહેલાવાળા)
પ.પૂ.આ.ભ. **શ્રી કલ્પયશસૂરીશ્વરજી મ.સા.**
મુનિરાજ **શ્રી વિજયઘોષવિજયજી**
(સંસારી પુત્ર મહારાજ)
સાધ્વીજી **શ્રી મૃગેન્દ્રશ્રીજી મ.સા.**
(સંસારી ફઈ મહારાજ)ની પ્રેરણાથી...

**કુવાળા નિવાસી**

# શેઠ ભૂરીબેન ગણપતલાલ

હસ્તે - શેઠ શારદાબેન હિંમતલાલ પરિવાર તરફથી...
રાજેશ-ભારતી, સ્વ. વિનોદ, કુમાર-શોભના
મૈત્રી, હિત, હંસા, પ્રકાશકુમાર, જયશ્રી મેહુલકુમાર...

આલોચના વગર કરેલી આરાધના જીવનમાં સાચું ફળ નથી આપી શકતી એટલે આરાધના અપનાવતા પહેલા જીવનમાં આલોચના અવશ્ય કરવી.
આલોચનાથી નિર્મળ બનેલા જીવનમાં આરાધનાના પુષ્પ અવશ્ય ખિલાવો...

JSBN
SURAJ0003

Bharat Graphics
+91 9925020106